# આત્મધર્મ



મૈં હી પરમેશ્વર આ સમયમેં હૂઁ! યે હી સમયમેં મૈં હી પરમેશ્વર પૂરણ હૂઁ!—ઐસી શ્રદ્ધાકા વિષય આત્માકો બનાયે બિના સમ્યગ્દર્શન હોતા નહીં. મૈં હી વર્તમાન પરમેશ્વર હૂઁ!—ઐસા જ્ઞાનમેં પરમેશ્વરપદકી મહિમા આયે બિના સમ્યગ્જ્ઞાન કભી હોતા નહીં. —*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૬ સં. ૨૦૬૨ [૭૪૬] * **આત્મધર્મ** * [ અંક-૬ વર્ષ-૬૨ ] વીર સં. ૨૫૩૨ ડીસેમ્બર-૨૦૦૫

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમને વિષયોમાં રતિ છે, તેમને દુઃખ સ્વાભાવિક જાણો; કારણ કે જો દુઃખ (તેમનો) સ્વભાવ ન હોય તો વિષયાર્થે વ્યાપાર ન હોય. ૯૦૬.

*(શ્રી કુંદકુંદ આચાર્ય, પ્રવચનસાર, ગાથા– ૬૪)*

❀ ધર્મ તો એ જ છે કે જ્યાં અધર્મનો લેશ નથી, સુખ તો એ જ છે કે જ્યાં દુઃખનો અંશ નથી, જ્ઞાન તો એ જ કહી શકાય કે જેમાં અજ્ઞાનની કણિકા નથી અને વાસ્તવ્ય ગતિ તો એ જ છે કે જ્યાંથી ફરી આગતિ (આવાગમન) નથી. ૯૦૭.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા– ૪૬)*

❀ જબ મિથ્યાત્વસહિત બુદ્ધિ ક્ષય હો જાતી હૈ તબ સમ્યગ્જ્ઞાન પ્રગટ હોતા હૈ ઐસા કહા ગયા હૈ, તબ સર્વ ભય ચલા જાતા હૈ, જ્ઞાની નિર્ભય હો જાતા હૈ. ક્યોંકિ ઉસકો અપના આત્મા પરમાત્માકે સમાન પરમ સુખી વ અનંતબલી દિખતા હૈ. હે ભાઈ! નિઃશંક હોકર, નિર્ભય હોકર આત્માકા મનન કરો. આત્માકા સ્વભાવ હી ઐસા હૈ જિસમેં કોઈ શલ્ય વ શંકા નહીં રહ સકતી હૈ. જ્ઞાનસ્વભાવમેં રમણ કરનેસે સર્વ ભય દૂર હો જાતા હૈ. ઈસ તરહ જો આત્મજ્ઞાનમેં અનુમોદના રખતા હૈ, જ્ઞાનાનંદમેં મગન હોતા હૈ, વહ મુક્તિકો પાતા હૈ. ૯૦૮. *(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ– ૨, પાનું— ૧૧૬)*

❀ જે શ્રાવક નિશ્ચયના લક્ષે અતિચાર રહિત વ્યવહારરત્નત્રયની સાધના કરે છે તેને સંપૂર્ણ પ્રયોજનોની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે અર્થાત્ તેને સ્વર્ગના સુખપૂર્વક મોક્ષસુખની સિદ્ધિ થાય છે. ૯૦૯.

*(શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક– ૧૪૯ના ભાવાર્થમાંથી)*

❀ જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી જ સિદ્ધ થયા છે; જે કોઈ બંધાયા છે તે તેના જ (–ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે. ૯૧૦.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર–ટીકા, કળશ– ૧૩૧)*

❀ જિનકી વિષયભોગોંકી ઈચ્છા નષ્ટ હો ચુકી હૈ ઉનકો જો યહાં સુખ પ્રાપ્ત હોતા હૈ વહ ન તો ઈન્દ્રોંકો પ્રાપ્ત હો સકતા હૈ ઔર ન ચક્રવર્તીયોંકો ભી. ઈસલિયે મનમેં અતિશય પ્રીતિ ધારણ કરકે યે જો વિષયરૂપ શત્રુ પરિણામમેં અહિતકારક હૈં ઉનકો છોડો ઔર ધર્મકા આરાધન કરો. ૯૧૧. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક– ૧૦)*

❀ ❀ ❀

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૨
અંક-૬
[૭૪૬]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૨
સં. ૨૦૬૨
December
A.D. 2005

# પ્રમાદ અને પુરુષાર્થનું સાચું સ્વરૂપ

[શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]
(સળંગ પ્રવચન નં. ૧૧૩)

આ, શ્રી સમયસાર-નાટક શાસ્ત્ર છે. તેમાં મોક્ષદ્વાર ચાલે છે. સમયસાર એટલે આત્મા તેનું આ નાટક છે તેમાં આ મોક્ષદ્વારનું ૪૦મુ પદ્ય છે.

ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।
परमादी जगकौ धुकै, अपरमादि सिव ओर॥४०॥

અર્થ :—તેથી પ્રમાદ સંસારનું કારણ છે અને અનુભવ મોક્ષનું કારણ છે. પ્રમાદી-જીવ સંસાર તરફ દેખે છે અને અપ્રમાદીજીવ મોક્ષ તરફ દેખે છે.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વભાવી શુદ્ધ વસ્તુ છે, તેને છોડીને જેટલો દયા-દાન-વ્રત-ભક્તિ-પૂજાનો ભાવ આવે છે તે બધી રાગની ક્રિયા હોવાથી પ્રમાદભાવ છે, જગતનો પંથ છે, સંસારમાર્ગ છે. માટે કહ્યું કે પ્રમાદ છે તે સંસારનું કારણ છે.

મુનિરાજને પણ આત્મધ્યાન અને શાંતિ વિશેષ હોવા છતાં જેટલાં પ્રમાણમાં પંચ-મહાવ્રતના પરિણામ અને અઠ્યાવીશ મૂળગુણનાં પાલનનો રાગ છે તે બધો પ્રમાદભાવ છે, તે સંસારભ્રમણનું કારણ છે. ખરેખર કોઈપણ રાગ છે તે સંસારના બંધનું કારણ છે. શુભરાગને પરંપરા મુક્તિનું કારણ કહેવાય છે તે અપેક્ષા જૂદી છે. શુભરાગને છોડીને મુક્તિ થાય છે એમ પરંપરા છે.

ता कारन जगपंथ इत। શુદ્ધ ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુનું સ્વભાવ સન્મુખનું આચરણ-

નિર્વિકલ્પ વીતરાગ પરિણતિ તે મોક્ષનું કારણ છે. તે સિવાય જેટલો રાગભાવ છે તે બધો સંસારનું કારણ છે. उत सिव मारग जोर આ બાજુ ભગવાન આત્મા તરફ ઢળતાં પરમાનંદનું આચરણ થતાં પ્રમાદનું આચરણ ટળી જાય છે. परमादी जगको धुकै, अपरमादि सिव ओर। સ્વાશ્રયે જે પરિણામ થાય છે તે બધો મોક્ષનો મારગ છે અને પરના લક્ષે જે પરિણામ થાય છે તે બધો બંધનો–સંસારનો મારગ છે. धुकै એટલે જુએ છે. રાગને જે જુએ છે એટલે કે તેનો આશ્રય અને લક્ષ કરે છે તે સંસારના પંથે છે.

જેને પોતાના અંતરમાં સુખ ભાસે છે બહાર ક્યાંય શરીર કે રાગાદિમાં સુખ ભાસતું નથી તે સ્વરૂપમાં ઠરનારો–અપ્રમાદી છે. તે મોક્ષમાર્ગે ચાલનારો છે. મોક્ષમાર્ગને દેખનારો છે અને આ શરીર તો જડ–માટીનું પુતળું છે. લક્ષ્મી જડ છે, શરીર જડ છે, દાળ, ભાત, રોટલા આદિ જડ છે, સ્ત્રીનું શરીર પણ જડ છે, લાડવા પણ જડ છે, તેમાં સુખ માને છે તે મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, મૂરખ છે. સુખ અને આનંદ તો આત્મામાં છે તેની સામે તો જોતો નથી.

સમ્યગ્દૃષ્ટિને અંતરમાં સુખ ભાસે છે જ્યારે મિથ્યાદૃષ્ટિને બહારમાં સુખ ભાસે છે–આટલો મોટો ફેર છે. જૈનધર્મ એટલે રાગને જીતીને સ્વભાવમાં ઠરવું તે જૈનધર્મ છે. તેની જેને ખબર નથી એને જ બહારમાં સુખ લાગે છે. તેથી તે પરમાં આકર્ષાય જાય છે. એ તેને માટે સંસારનું કારણ થાય છે. પર તરફનું આકર્ષણ હોય ત્યાં ભલે અશુભરાગ હોય કે પછી શુભરાગ હોય બંને બંધનું કારણ થાય છે. રાગથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. તેનાથી આત્માને પર્યાયમાં હાનિ થાય છે. વસ્તુ અબંધ છે પણ જ્યાં સુધી અબંધ પરિણામ પ્રગટ ન કરે ત્યાં સુધી પર્યાયમાં બંધ તો થાય જ છે.

વીતરાગમાર્ગ અલૌકિક છે, તેનો લૌકિકમાર્ગ સાથે મેળ ન હોય. જેને પરિણમનમાં અતીન્દ્રિય આનંદ આવ્યો છે તે જીવ મોક્ષના માર્ગે છે. ભલે તે ગૃહસ્થાશ્રમમાં અને રાગમાં રહેલો દેખાતો હોય છતાં તે એમાં નથી. એ મોક્ષના માર્ગમાં છે. ભરતજી ઘરમાં વૈરાગી હતાં એમ આવે છે ને! કેમ કે એ મોક્ષમાર્ગી હતાં. ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ, ૯૬ કરોડ ગામના સંયોગમાં ઊભા હતાં પણ અરે! એ અમે નહિં, એ અમારા નહિં....જ્યાં અમે છીએ ત્યાં એ નહિં...એવી જેને અંતરદૃષ્ટિ થઈ છે એવા સમકિતી સ્વરૂપને આચરનારા જ્ઞાની છે.

અરે! તારી ચીજ શું છે એની તને ખબર નથી. પરમેશ્વરદેવે જે પર્યાય પ્રગટ કરી છે તે પર્યાય ક્યાંથી આવી છે કે અંતરમાં શક્તિ છે તેમાંથી આવી છે. એવી જ શક્તિ તારામાં છે પણ તેની તને ખબર નથી.

जे परमादी आलसी, जिन्हकैं विकल्प भूरि।
होई सिथल अनुभौ विषै, तिन्हकौं सिवपथ दूरि॥४१॥

અર્થ :—જે જીવ પ્રમાદી અને આળસુ છે, જેમના ચિત્તમાં અનેક વિકલ્પો થાય છે અને જે આત્મ-અનુભવમાં શિથિલ છે તેમનાથી સ્વરૂપાચરણ દૂર જ રહે છે.

જેને સ્વરૂપના અનુભવમાં આળસ છે, પ્રમાદ છે તે જીવ શુભભાવ કરતો હોય તો પણ પ્રમાદી અને આળસુ છે. આહાહા....! પુરુષાર્થ કરીને સ્વરૂપમાં ઠરે તેને પુરુષાર્થી કહેવાય છે. આ તો ભાઈ! ગાગરમાં સાગર ભરી દીધો છે. વીતરાગતાનો ઉદ્યમ કરે છે તે જ ઉદ્યમી છે, બાકી શુભાશુભનો ઉદ્યમ કરે છે તે ઉદ્યમી નહિં પણ આળસી છે. દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ કરવા તે પુરુષાર્થ નથી. સ્વરૂપની રચના કરે તેને વીર્યગુણ કહ્યો છે. રાગની રચના કરે તે વીર્ય નથી એ તો નપુંસકતા છે. 'આત્મવૈભવ' પુસ્તકમાં વીર્યગુણના વર્ણનમાં આ બધું આવી ગયું છે. સ્વરૂપની રચના કરે તેને પુરુષાર્થ કીધો છે. બાકી તો બધો પ્રમાદ છે–નિરુદ્યમ છે.

તું મહાપ્રભુ છો ભાઈ! જેટલાં વીતરાગ પરમાત્મા થયાં તે બધાં તારી જેવા આત્મા જ હતાં તેમાંથી પરમાત્મા થયા છે, કાંઈ બહારથી પરમાત્મા આવ્યા નથી. નજર કરે તેને નિધાન મળે તેમ છે પણ એણે નજર જ કરી નથી. ધર્મના નામે મહિના મહિનાના ઉપવાસ કરે તોપણ તે પુરુષાર્થી નથી, પ્રમાદી છે. વેપાર-ધંધામાં બહુ ઉદ્યમ કરે છે તેને પણ અહીં આળસુ કીધો છે. નિજઘરનો ઉદ્યમ નહિં અને પરઘરમાં ઉદ્યમ કરે તેને પુરુષાર્થી કેમ કહેવાય?

શ્રોતા :—શુભરાગને ધર્મનું સમર્થ નિમિત્તકારણ તો કહેવાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના...ના...બિલકુલ નહિં. એ તો પાપનું કારણ છે. યોગીન્દ્રદેવે યોગસારમાં કહ્યું છે ને! પાપને તો પાપ સહુ કહે પણ અનુભવીજન પુણ્યને પણ પાપ કહે છે.

ભગવાન એમ કહે છે કે તને નવતત્ત્વની શ્રદ્ધાનો રાગ હોય કે પંચમહાવ્રતનો રાગ હોય કે અમારા પ્રત્યે પ્રેમ હોય એ બધો તારો નિરુદ્યમ છે–પ્રમાદ છે. પોતાના ભગવાન આત્માનો પ્રેમ નથી–સ્વસન્મુખતા નથી, તેના તરફનો પ્રયત્ન પણ નથી તેને ભગવાન પુરુષાર્થહીન કહે છે.

जिन्हकैं विकल्प भूरि। જેને રાગદ્વેષના તરંગો વારંવાર ઊઠ્યા જ કરે છે તે બધાં નિરૂદ્યમી છે. સ્વરૂપનો પુરુષાર્થ કરવો જોઈએ તે કરતા નથી અને વિકલ્પ–શુભ-

અશુભરાગની લાગણીઓ ઉત્પન્ન કર્યા કરે છે કે જે સ્વભાવમાં નથી. એ બધાં સ્વરૂપના આળસુ છે. આત્માની શુદ્ધતા, પવિત્રતા અને પ્રમાદરહિતતાને રચે તે જ સાચું વીર્ય છે. બાકી, રાગની રચના કરે છે તેમાં તો નિજઘરમાં નુકશાન થાય છે. મહિનાના પાંચ પાંચ લાખની પેદાશ થતી હોય તો એને કેટલો હરખ થાય છે! છતાં તેને અહીં નિરૂદ્યમી અને આળસુ કહેવામાં આવે છે.

ભગવાન કુંદકુંદઆચાર્ય પણ પંચાસ્તિકાય ગાથા ૧૭૦માં કહે છે કે જે અનુભવમાં આળસુ છે તેને દૂરતર નિર્વાણ છે. તેને ભલે તીર્થંકર ભગવાનની, નવતત્ત્વની, સૂત્રની રુચિ છે તોપણ નિર્વાણ દૂર છે. એ જ વાત અહીં કહે છે કે અનુભવમાં શિથિલ છે તેને મોક્ષ દૂર છે. ભલે તે જ્ઞાની અને મુનિ હોય તોપણ તેનું જ્ઞાન જ્યાં સુધી રાગમાં અટકે છે ત્યાં સુધી મોક્ષ દૂર છે. होइं सिथल अनुभौ विषै, तिन्हकौ सिवपथ दूरि।

શુભાશુભભાવ એ જીવનું સ્વરૂપ જ નથી. શુદ્ધોપયોગ એ જ એનું સ્વરૂપ છે, તો જ્યાં સ્વરૂપનું ભાન થાય છે ત્યાં તેની દૃષ્ટિમાં શુદ્ધોપયોગનું આચરણ આવે છે તેનું જ નામ સ્વરૂપાચરણચારિત્ર છે. માટે કોઈ ચોથા ગુણસ્થાનમાં શુદ્ધોપયોગ ન હોય એમ કહે છે તે યોગ્ય નથી.

હવે ૧૧ મા કળશ ઉપરનું ૪૨મું પદ્ય આ પ્રમાણે છે.

जे परमादी आलसी, ते अभिमानी जीव।
जे अविकलपी अनुभवी, ते समरसी सदीव॥४२॥

અર્થ :—જે જીવ પ્રમાદ સહિત અને અનુભવમાં શિથિલ છે, તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ કરે છે અને જે નિર્વિકલ્પ અનુભવમાં રહે છે તેમનાં ચિત્તમાં સમતારસ રહે છે.

મિથ્યાદૃષ્ટિ છે તે રાગનું અભિમાન કરે છે જ્યારે સમ્યગ્દૃષ્ટિને રાગનું અભિમાન નથી પણ રાગનું પરિણમન છે. તેથી મિથ્યાદૃષ્ટિને અભિમાની જીવ કહ્યો છે. જ્ઞાનીને રાગ ઉઠે છે પણ તેની કર્તાબુદ્ધિ નથી. જો રાગની કર્તાબુદ્ધિ છે તો તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાની રાગના પરિણમનને દુઃખદાયક જાણે છે. જ્યારે અજ્ઞાની રાગના પરિણમનને સુખદાયક જાણે છે, હિતકર માને છે, તેથી તે રાગનો અભિમાની છે.

નગ્ન દિગંબર સાચા સંતને ત્રણ કષાયનો તો નાશ છે પણ સંજ્વલનકષાયમાં પંચમહાવ્રતાદિ રાગનું પરિણમન છે, તેને મુનિ દુઃખદાયક જાણે છે. પણ એટલી શિથિલતા છે ત્યાં સુધી રાગનું પરિણમન છે.

જે અવિકલપી અનુભવી, તે સમરસી સદીવ। જે કોઈ જીવ રાગથી ભિન્ન પડી સ્વરૂપનો અનુભવ કરે છે તે અવિકલ્પી છે. અંતરના આનંદના અનુભવમાં વિકલ્પનો અભાવ છે. આવા અવિકલ્પી મુનિ સદૈવ સમરસમાં લીન છે.

પહેલાં કાંઈક વ્રત કરો, ભક્તિ કરો, દયા પાળો પછી ધર્મ થશે એવી વાત તો સંતો કરતાં જ નથી તેથી જીવોને સંતોની વાત આકરી લાગે છે. ધર્મ કરવા માંગે છે તેને એ કાળે એવો જ રાગ હોય છે, અશુભથી બચવા જ્ઞાનીને પણ એવો રાગ હોય છે છતાં એ રાગ છે તે અનુભવથી જુદી ચીજ છે. પુણ્ય-પાપ અધિકારમાં તો ત્યાં સુધી કહ્યું કે વ્યવહારરત્નત્રય જીવને અનુભવથી પતિત કરે છે માટે પાપ છે. પહેલાં જરાં વખાણ પણ કર્યા કે વ્યવહાર રત્નત્રય છે તે વ્યવહારે પવિત્ર છે વગેરે...પણ નિશ્ચયથી તેની મહિમા નથી. અતીન્દ્રિય અમૃતસાગરને સ્પર્શીને વેદવો એ જ ખરો મોક્ષમાર્ગ છે. અનુભવીને એટલું રે આનંદમાં રહેવું રે.....

સદા જ્ઞાતા-દૃષ્ટાભાવમાં રહેનાર જીવ સમતારસનો આસ્વાદી છે–ધર્મી છે. તે જ્યારે અનુભવથી શિથિલ થાય છે ત્યારે રાગ આવે છે એમ અહીં કહેવું છે. અર્થમાં તેને શરીરાદિમાં અહંબુદ્ધિ થાય છે એમ કહ્યું છે પણ અહંબુદ્ધિ થતી નથી, માત્ર રાગ આવે છે. રાગમાં અને શરીરમાં અહંપણું કરે છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાવવાની ભાષામાં એવું કથન આવે પણ ધર્મીને શરીરાદિમાં અહંબુદ્ધિ થતી જ નથી. હવે ૪૩મું પદ્ય કહે છે.

जे अविकलपी अनुभवी, सुद्ध चेतना युक्त।
ते मुनिवर लघुकालमैं, हौंहि करमसौं मुक्त॥४३॥

અર્થ :—જે મુનિવર વિકલ્પરહિત છે, અનુભવ અને શુદ્ધ જ્ઞાનદર્શન સહિત છે, તેઓ થોડા જ સમયમાં કર્મરહિત થાય છે અર્થાત્ મોક્ષ પ્રાપ્ત કરે છે.

જે કોઈ રાગના વિકલ્પથી રહિત અને સ્વરૂપની દૃષ્ટિ સહિત આનંદના અનુભવમાં રહે છે તે જીવ શુદ્ધચેતનાથી યુક્ત છે, શુદ્ધ જ્ઞાનાનંદની પરિણતિથી સહિત છે. આનંદમૂર્તિ પ્રભુ શુદ્ધચેતના યુક્ત છે એટલે કે જ્ઞાનસ્વરૂપમાં એકાગ્રતા અને રાગથી પૃથક્તા યુક્ત છે, જાગૃત છે. એવા મુનિવરો લઘુકાળમાં એટલે કે અલ્પકાળમાં જ કર્મથી મુક્ત થાય છે. શુદ્ધ ચેતનાના અનુભવ વિના માત્ર ક્રિયાકાંડ કરે છે તેની મુક્તિ થતી નથી. આનંદઘનજી જેવા પણ કહે છે કે—

કોઈ કહે સેવીએ વિવિધ કિરીયા કરી, ફળ અનેકાંત લોચન ન દેખે,
ફળ અનેકાંત કિરીયા કરી બાપડા, રડવડે ચારગતિમાંહિ લેખે.

જેના ફળમાં ચારગતિમાં રખડવાનું છે એવી ક્રિયાથી મુક્તિ નથી. સ્વભાવની એકતાના ફળમાં મુક્તિ છે. શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં એકરૂપ વીતરાગતા પ્રગટ થવી તે એક મોક્ષનું ફળ આપે છે. ક્રિયા કરવાના ફળમાં તો અનેકતા મળે છે....કોઈ શેઠ થાય કે કોઈ ભૂતડૂં થાય કે કોઈને શરીરની નિરોગતા આદિનું ફળ પ્રાપ્ત થાય છે.

સ્વસંવેદનજ્ઞાન, સ્વનું દર્શન અને સ્વમાં સ્થિરતાના ફળમાં જ અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત થાય છે.

હવે ૪૪મા પદ્યમાં વિશેષ સ્પષ્ટતા કરે છે કે વસ્તુદૃષ્ટિએ જ્ઞાનમાં સર્વજીવ એકસરખાં પરમાત્મસ્વરૂપ છે એમ ભાસે છે, પર્યાયદૃષ્ટિએ જોતાં જેની જે સ્થિતિ છે તે જણાય છે.

जैसैं पुरुष लखै परवत चढ़ि,
भूचर पुरुष ताहि लघु लग्गै।
भूचर-पुरुष लखै ताकौं लघु,
उतरि मिलै दुहुकौ भ्रम भग्गै।
तैसैं अभिमानी उन्नत लग,
और जीवकौं लघुपद दग्गै।
अभिमानीकौं कहैं तुच्छ सब,
ग्यान जगै समता रस जग्गै॥४४॥

અર્થ :—જેવી રીતે પર્વત ઉપર ચડેલા મનુષ્યને નીચેનો મનુષ્ય નાનો દેખાય છે અને નીચેના મનુષ્યને પર્વત ઉપર ચડેલો મનુષ્ય નાનો દેખાય છે, પણ જ્યારે તે નીચે આવે છે ત્યારે બંનેનો ભ્રમ દૂર થઈ જાય છે અને વિષમતા મટી જાય છે. તેવી જ રીતે ઊંચું મસ્તક રાખનાર અભિમાનીને બધા મનુષ્ય તુચ્છ દેખાય છે અને બધાયને તે અભિમાની તુચ્છ દેખાય છે, પરંતુ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે માન-કષાય ગળી જવાથી સમતા પ્રગટ થાય છે. જ્ઞાનમાં કોઈ નાનું-મોટું દેખાતું નથી સર્વ જીવો એકસરખા ભાસે છે.

જેમ, આમાં પર્વત અને તળેટીનો દાખલો આપ્યો તેમ પ્લેનમાં બેઠેલા માણસને

જમીન ઉપરના માણસો-ગામડાઓ-તળાવ વગેરે બધું નાનુ-નાનુ લાગે છે અને જમીન ઉપરના લોકોને પ્લેન, તેમાં બેઠેલાં માણસો બધું નાનું લાગે છે પણ જ્યારે ઉપરથી માણસ નીચે આવીને નીચેના માણસને મળે ત્યારે બંને જેવા છે તેવા દેખાય છે.

જોયું? ઉપરથી ઉતરીને માણસ નીચેના માણસને મળે છે એમ લખ્યું છે. નીચેનો માણસ ઉપર જઈને પહેલાને મળે છે એમ નથી કહ્યું કેમ કે અભિમાનીની વાત કરવી છે ને! નીચેવાળો એને નાનો લાગતો હતો પણ ઉપરથી નીચે આવીને જુએ છે તો એ તો પોતાના જેવડો જ છે એમ જણાય છે તેથી ખોટો ભ્રમ દૂર થાય છે. એ જ રીતે, મિથ્યાદૃષ્ટિ જ્ઞાની ધર્માત્માને તુચ્છ સમજે છે એ તેનું અભિમાન છે જ્યારે એ અભિમાન નીચે ઉતરે છે ત્યારે તેને જ્ઞાનીનું સાચું સ્વરૂપ સમજાય છે. સમ્યગ્દૃષ્ટિ તો બધાં જીવોને જેમ છે તેમ જ જાણે છે. કહ્યું છે ને! "સર્વ જીવ છે જ્ઞાનમય, જાણે સમતા ધાર." સમતાથી જુએ તો બધાં જીવો જ્ઞાનમય છે એમ દેખાય છે. આ દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ વાત છે પણ તેનો અર્થ એવો નથી કે સર્વ જીવો જ્ઞાનમય છે માટે અજ્ઞાની પણ જ્ઞાની છે- એમ નથી. પર્યાયમાં જે ભાવ છે તેને જ્ઞાની બરાબર જાણે છે.

શ્રીમદ્જીએ નીચેની ગાથામાં સમભાવની વ્યાખ્યા કરતાં કહ્યું છે :-

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ;<br>
અપૂર્વવાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય.

સમભાવનો અર્થ એવો નથી કે જ્ઞાનીને સમભાવ છે માટે કુદેવ આદિને પણ સુદેવ માને. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર ખોટા છે એમ જ્ઞાની બરાબર જાણે અને કહે પણ ખરાં એ કાંઈ વિષમભાવ નથી. ધર્મીજીવને પોતાના સ્વરૂપનું ભાન છે તેથી દરેક જીવને દ્રવ્યદૃષ્ટિએ મારાં જેવા જ છે એમ દેખે છે. પણ પર્યાયદૃષ્ટિએ દરેક જીવની જેવી જેવી અવસ્થા છે તેવી બરાબર જાણે છે. પર્યાયદૃષ્ટિએ પણ બધાંને સમાન માને એ તો મૂઢ છે.

સમભાવનો અર્થ તો એ છે કે જેની દૃષ્ટિ વિપરીત છે, ચારિત્ર વિપરીત છે તેનાં પ્રત્યે પણ જ્ઞાનીને દ્વેષ નથી. નિયમસારમાં એક શ્લોક એવો આવે છે કે ધર્માત્માને કુગુરુ, કુદેવ પ્રત્યે દ્વેષ નથી અને સુગુરુ, સુદેવ પ્રત્યે રાગ નથી કે આ મારાં છે માટે મારું કલ્યાણ કરી દેશે. સામી વ્યક્તિ ગુણી હોય કે અવગુણી હોય ધર્માત્માને બંને પ્રત્યે સમભાવ છે. જ્ઞાનમાં બરાબર જાણે છે કે આ ગુણ છે અને આ અવગુણ છે પણ તેથી કરીને રાગ-દ્વેષ કરતાં નથી. અને ગુણી કે અવગુણી એમ નથી કહેતાં કે તમે અમને જાણીને રાગ-દ્વેષ કરો.

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં આવે છે કે કેવળીના અનંતગુણો, નિર્મળપર્યાયો કે ભગવાનનું દ્રવ્ય એમ નથી કહેતું કે તું અમને જાણ! તું તને જાણ એમાં અમે તો સ્વયં જણાઈ જશું. રૂપ નથી કહેતું કે તું અમને જાણવા રોકા. શબ્દ એમ નથી કહેતાં કે તું અમને સાંભળ! જાણનાર પણ પોતાના ક્ષેત્રથી ખસીને તેની પાસે જાણવા જતો નથી પણ સહેજે જણાય જાય છે એવો જ જ્ઞાનનો સ્વભાવ છે.

અજ્ઞાનથી અભિમાનમાં ચડી ગયેલાંને બીજાં બધાં તુચ્છ દેખાય છે પણ જ્યારે તે અભિમાનથી નીચો ઉતરે તો એને વસ્તુસ્વરૂપ જેમ છે તેમ સમજાય. બીજાને સમજાવતાં આવડે તેથી કાંઈ એ મોટો થઈ જતો નથી. પોતે પોતાને સમજાવે તેમાં મહાનતા છે. ઘણાં વર્ષો પહેલાં પ્રશ્ન ચાલ્યો હતો કે બીજાને સમજાવે તે મોટા કે કોઈને સમજાવે નહિં, પોતે એકલાં પોતાનું કર્યા કરે તે મોટા?

હીરાભાઈના મકાનમાં રહેતાં હતાં ત્યારે એક માણસ આવ્યો હતો એ કહે કે પોતાનું જ કરવું એમાં શું મોટી વાત છે! કૂતરાં જેવા પણ પોતાનું પેટ ભરે છે, બીજાંનું કરી જાણે તે મોટો મહાત્મા કહેવાય.... અરે! પરનું કાર્ય કોણ કરી શકે? પરનું હું કરું છું એવું અભિમાન કરે છે. સ્વયંભૂરમણ સમુદ્રમાં અસંખ્યાતા તિર્યંચ સમકિતી છે તે કોનું કામ કરી દે છે કે કોને સમજાવવા જાય છે? એ તો પોતાના સ્વરૂપનું સાધન કરે છે. હજાર યોજનના મોટાં મચ્છ હોય પણ પાંચમા ગુણસ્થાનવાળા હોય તો તેને સમકિતી દેવ કરતાં પણ શાંતિ વધી ગઈ છે. પોતાના સ્વરૂપનું સાધન કરવું એ જ પોતાનું કર્તવ્ય છે. પરને સમજાવવાનો વિકલ્પ હોય અને વાણી આવે તો સમજાવે પણ જ્ઞાની એ વિકલ્પ કે વાણીના સ્વામી પોતાને માનતાં નથી. બીજાંને હું સમજાવી શકું છું એમ માનનાર તો બીજાંનો સ્વામી થયો. શું બીજાંની પર્યાયને આ જીવ કરી શકે ખરો?

અજ્ઞાની અભિમાનીને થોડું પુણ્ય વિશેષ હોય અને જ્ઞાનીને પુણ્ય વિશેષ ન હોય તો અભિમાની એમ કહે કે જુઓ! અમે આવીએ તો કેવા સ્વાગત થાય છે! કેટલાં લોકો અમને માન આપે છે! આને તો કાંઈ બોલતા પણ આવડતું નથી અને પોતાને માન આપે છે! એમ જ્ઞાનીને અભિમાની તુચ્છદૃષ્ટિથી જુએ છે. અરે ભાઈ! સાંભળ ને! જ્ઞાનીને ભલે બોલતાં ન આવડે તેથી શું એની અંદરની જ્ઞાનદશા ચાલી જાય છે! સમકિતી પશુને નવતત્ત્વનાં નામ પણ આવડતાં નથી તેથી શું! અંતરમાં આનંદનું સાધન કરે છે એના વડે જ જ્ઞાની મોટાં છે.

ग्यान जगै समतारस जग्गै। અભિમાની બીજાંને તુચ્છ સમજે છે અને બીજાંઓ

અભિમાનીને તુચ્છ સમજે છે પણ જ્યારે જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે સાથે સમતારસ જાગે છે તેથી વિષમભાવ રહેતો નથી. દુનિયામાં કોઈ વૈરી કે સજ્જન મારાં માટે નથી. બધાં મારાં માટે જ્ઞેય છે. સાક્ષાત્ પરમેશ્વર ભગવાન પણ જ્ઞેય છે–પરજ્ઞેય છે. તે મારાં કદી થતાં નથી.

અભિમાનને કારણે પોતાના પરિણામમાં વિષમભાવ થાય છે કે આ સારો છે અને આ ખરાબ છે, આ વૈરી છે અને આ મિત્ર છે....જ્ઞાન જાગૃત થતાં એવો વિષમભાવ રહેતો નથી. કોઈ પ્રત્યે વેરભાવ થતો નથી. વ્યક્તિનો અભિપ્રાય જૂઠો હોય તેને જૂઠો જાણે પણ દ્વેષ ન થાય. સામો વ્યક્તિ પર્યાયે પણ સિદ્ધ જેવો શુદ્ધ છે એમ ન જાણે પણ દ્વેષ પણ ન કરે.

હવે ૪૫મા પદ્યમાં અભિમાની જીવોની દશા બતાવતાં બનારસીદાસ કહે છે કે **करमके भारी समुझैं न गुनको मरम**, અજ્ઞાની અભિમાની જીવો, રાગરહિત ભગવાન આત્માના ગુણને સમજતાં નથી. તેને તો એમ થાય છે કે અમે કેટલો વ્યવહાર પાળીએ છીએ, કેટલી દયા-દાન-ભક્તિ કરીએ છીએ!....એ બધાં કર્મના ભારવાળાં છે તે ગુણના મર્મને જાણતાં નથી. રાગરહિત શુદ્ધ ચૈતન્યપ્રભુના અનુભવી કોણ છે તેને એ ઓળખતાં નથી. એને તો પુણ્યના ફળવાળાં મોટાં દેખાય છે પણ ગુણમાં મોટાને એ સમજી શકતાં નથી.

મોટાં પુણ્યવંતો હોય...આબરૂવાળાં હોય....દાનમાં ખૂબ પૈસા દેતાં હોય....એ અજ્ઞાનીને મન મોટાં પુરુષો લાગે છે. પૈસાવાળાઓ મંદિર, પાઠશાળા આદિમાં દાન આપે તેનાથી આ ધર્મ શોભે છે એમ એને લાગે છે. ભાઈ! ધર્મ પાસે પૈસાનું કાંઈ મૂલ્ય નથી. પૈસા કે પૈસાવાળાઓથી ધર્મની શોભા નથી.

*(ક્રમશઃ)*

✿

બુધ પુરુષોને એટલે કે સમ્યગ્દૃષ્ટિ જીવોને એવો નિર્ણય વર્તે છે કે સિદ્ધદશા કે સંસારદશા અમારા ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં છે જ નહીં. ધ્રુવસ્વરૂપ, સામાન્યસ્વરૂપ એકસ્વરૂપ વસ્તુ કે જે સમ્યગ્દર્શનનો વિષય છે તેમાં મોક્ષની દશા કે સંસારની દશા છે જ નહીં. અંતઃતત્ત્વરૂપ પરમાત્મતત્ત્વ એવું જે પરમપારિણામિક તત્ત્વ, તેમાં કેવળજ્ઞાનની પર્યાય કે સંસારની વિકારી પર્યાય છે જ નહીં.

*—પૂજ્ય ગુરુદેવશ્રી*

# સમ્યગ્દર્શન વિના મુનિ થઈને પણ આત્માને ઠગે છે

[શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]
(સળંગ પ્રવચન નં-૧૩૩)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલાં દિગંબર મુનિ યોગીન્દ્રદેવે આ શાસ્ત્રની રચના કરી છે. ભગવાન સર્વજ્ઞદેવથી ચાલ્યા આવતાં માર્ગનો અંતરમાં અનુભવ કરી, ભાવલિંગ સાધુદશા પ્રગટ કરી જીવોના ઉપકાર હેતુએ આ પરમાત્મપ્રકાશ બનાવ્યું. તેમાં મુનિરાજે બહુ જ ઊંચી અર્થાત્ મૂળ ચીજ બતાવી દીધી છે.

૮૯ ગાથા કાલે ચાલી ગઈ છે. ૯૦ ગાથા લેવાની છે. તેમાં કહે છે કે જેણે જિનદીક્ષા ધારણ કરીને કેશનો લોંચ કર્યો પણ સકલ પરિગ્રહનો ત્યાગ ન કર્યો તેણે પોતાના આત્માને જ છેતર્યો છે. બાહ્યથી મુનિલિંગ લીધું, પંચ મહાવ્રત પાળ્યાં, કેશલોંચ કર્યો એ કાંઈ મુનિપણું નથી.

केण वि अप्पउ वंचयउ सिरु लुंचिवि छारेण।
सयल वि संग ण परिहरिय जिणवर लिंगधरेण॥९०॥

અર્થ :—જેણે જિનવરનો વેષ તો ધારણ કર્યો, ભસ્મથી માથાના કેશનો લોંચ કર્યો પણ બધો પરિગ્રહ ન છોડ્યો તેણે પોતાના આત્માને જ ઠગી લીધો.

આ સકલ પરિગ્રહના ત્યાગની ગાથા છે. તેમાં પ્રથમ પરિગ્રહની વ્યાખ્યા કરે છે. આ ૯૦, ૯૧ અને ૯૨ ત્રણ ગાથા સિવાય આખું પરમાત્મપ્રકાશ ટેપરેકોર્ડિંગમાં ઉતરી ગયું છે. ઈન્દોરવાળા પંડિત બંસીધરજી અહીં ત્રણ મહિના રોકાયા હતાં ત્યારે ૯૩ ગાથાથી પ્રવચન કર્યાં હતાં. આ ત્રણ ગાથા હવે લઈએ છાએ. આમાં શું કહે છે તે જુઓ!

પ્રથમ, તો સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન હોય તેને સાચું ચારિત્ર આવે છે. સમ્યગ્દર્શન વિના તો છઢાળામાં કહ્યું છે તેમ, 'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.' સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાનનો અર્થ શું છે? કે આત્મા વીતરાગ આનંદકંદ છે તે જ હું છું. આ શરીર, વાણી, મનની જે ક્રિયા થાય છે તે જડથી થાય છે અને જડની જ એ ક્રિયા છે, મારી નથી. શરીર ચાલે છે, વાણી

બોલાય છે એ બધી જડ-અજીવ-ધૂળની ક્રિયા છે. તે ક્રિયા આત્માથી થતી નથી એવા ભેદજ્ઞાનપૂર્વક શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર છે તે ત્રણ રત્નો છે. આ ત્રણ રત્નો વડે મુક્તિનું મળવું થાય છે. એ વિના મુક્તિ મળતી નથી. તેમાં પણ વિશેષ એ છે કે સમ્યગ્દર્શનરત્ન વિના બાહ્યથી વેષ લઈ લે તો એ સાચું ચારિત્ર નથી માટે તેનાથી મુક્તિ મળતી નથી.

ભાવાર્થ :—વીતરાગ નિર્વિકલ્પ નિજાનંદ અખંડરૂપ સુખરસનો જે આસ્વાદ તે રૂપે પરિણમેલી પરમાત્મભાવનારૂપી તીક્ષ્ણ શસ્ત્ર વડે બાહ્ય અને અંતરંગ પરિગ્રહની વાંછાથી માંડીને સમસ્ત મનોરથની કલ્લોલ માલાઓના ત્યાગરૂપ મનનું મુંડન તો ન કર્યું અને જિનદીક્ષારૂપ શિરોમુંડન કરીને વેષ ધારણ કર્યો છે તેણે પોતાના આત્માને જ છેતર્યો છે. આમ સમજીને નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગ પરમાનંદ સ્વરૂપને અંગીકાર કરીને ત્રણકાળ ત્રણલોકમાં મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદનાથી જોયેલા, સાંભળેલા અને અનુભવેલા સર્વ પરિગ્રહોની વાંછા ત્યાગવી જોઈએ. આ પરિગ્રહ શુદ્ધાત્માની અનુભૂતિથી વિપરીત છે.

જેમ, મીઠાની કાંકરીમાં એકલી ખારાશ ભરી છે, ખડીની કણીમાં એકલી સફેદાઈ ભરી છે, અફીણની કટકીમાં એકલી કડવાશ ભરી છે તેમ, ભગવાન આત્મામાં એકલો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એકલો અતીન્દ્રિય આનંદ જ નહીં પણ આત્મામાં તો અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય દર્શન, અતીન્દ્રિય બળ, અતીન્દ્રિય વીર્ય, અતીન્દ્રિય પ્રભુતા, અતીન્દ્રિય સ્વચ્છતા એવાં એવાં અનંત અનંત બેહદ ગુણો આત્મામાં ભર્યા પડ્યાં છે. તે ગુણો સંખ્યાએ કેટલા છે?—કે અત્યાર સુધીમાં જેટલાં સિદ્ધો થયાં છે (છ મહિના ને આઠ સમયમાં છસોને આઠ જીવો સિદ્ધ થાય છે એવા અનંતકાળમાં અનંત સિદ્ધો થયા છે) તેનાથી અનંતગુણા જીવ નિગોદની એક કટકીમાં રહેલાં અસંખ્ય શરીરોમાંથી એક શરીરની અંદર રહેલાં છે. એ સંખ્યા કરતાં સમસ્ત જીવરાશિની સંખ્યા અનંતગુણી છે. તેના કરતાં પુદ્ગલ પરમાણુની સંખ્યા અનંતગુણી છે. તેનાથી અનંતગુણા આકાશના પ્રદેશો છે (અસંખ્ય ચોવીશીના સમય જેટલાં લોકાકાશના પ્રદેશો છે તેનાથી અનંતગુણા પ્રદેશો અલોકાકાશમાં છે કેમકે લોકનો તો ક્યાંય અંત નથી). તેનાથી અનંતગુણા એક એક આત્મામાં ગુણો રહેલાં છે. આવા આત્માને ઓળખ્યા વિના સમ્યગ્દર્શન કેમ થાય! પણ એને ક્યાં ખબર જ છે કે હું કેવો છું! પોતાની ઓળખાણ વિના ધર્મ કેમ થાય! અનંત અનંત શક્તિવાળા એક નહિ પણ અનંતગુણો એક એક આત્મામાં છે-આવો આત્મા વીતરાગ સ્વભાવે છે.

આવા વીતરાગસ્વભાવી આત્માની ઓળખાણ અને રુચિ કરીને, અનંત જડ

પદાર્થોની રુચિ છોડીને, કર્તાબુદ્ધિ છોડીને અને અનંત અન્ય જીવદ્રવ્યોનું ભલું-બૂરું તેના પોતાથી છે, મારાથી નહિ એમ જાણીને તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, પોતાના શુદ્ધસ્વરૂપ ઉપર દૃષ્ટિ એકાગ્ર કરવી અને આત્મામાંથી અતીન્દ્રિય આનંદનું વેદન આવવું....તેને ભગવાન સમ્યગ્દર્શન કહે છે.

યોગીન્દ્રદેવ કહે છે કે ભગવાન આત્માની અતીન્દ્રિય આનંદના વેદન સહિત દૃષ્ટિ ન થાય ત્યાં સુધી સમ્યક્ દર્શન નથી. તો સાચું મુનિપણું તો ક્યાંથી હોય! માટે, સમ્યગ્દર્શન વિના મુનિવેષ લઈ લેવો તે એકડાં વિનાના મીંડા જેવું છે.

ભગવાન આત્મા એક સમયમાં અનંતગુણસ્વરૂપ વસ્તુ છે. તેનો રાગ વિનાના વીતરાગ નિર્વિકલ્પ, નિજના આનંદ સાથે અખંડરૂપ એટલે એકરૂપ સુખરસનો આસ્વાદ લેવો તે સમ્યગ્દર્શન છે, પણ અનંતકાળમાં જીવે સમ્યગ્દર્શન તો પ્રાપ્ત નથી કર્યું પણ સમ્યગ્દર્શન શું છે તે સમજ્યો પણ નથી! દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા કરીને સમકિત માની લીધું છે. અહીં તો મુનિરાજ કહે છે કે દેવ-શાસ્ત્ર-ગુરુની અને નવતત્ત્વની શ્રદ્ધા થાય તો પણ એ શુભરાગ છે, સમ્યગ્દર્શન નથી. ભારે ઝીણી વાત!

અરે જીવ! આત્મદર્શન વિના અનંતવાર તેં આવા જિનલિંગ ધારણ કર્યા....વસ્ત્ર સહિત સાધુપણું નહીં....આ તો જિનવરે કહેલું બાહ્યલિંગ ધારણ કર્યું, એકદમ ચોખ્ખા મહાવ્રત પાળ્યા, પ્રાણ જાય તો પણ પોતાના માટે કરેલો આહાર ન લે એવું કડક પાલન કર્યું....એમાં રાગ છે તે શુભરાગ છે અને દેહની ક્રિયા તે જડની ક્રિયા છે, તેનાથી ખસીને-અજીવની અને વિકારની રુચિ છોડીને સ્વરૂપની રુચિ કદી કરી નથી.

નિર્વિકાર શુદ્ધ ચિદાનંદ નિજ ભગવાન આત્માની રુચિ કરીને અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવો તે તો સમ્યગ્દર્શન થયું. હવે આગળ મુનિપણું ક્યારે આવે?-કે આવા નિજ પરમાત્માની વિશેષ ભાવના-એકાગ્રતા દ્વારા બાહ્ય અને અંતરંગ સર્વ પરિગ્રહનો ત્યાગ કરે ત્યારે મુનિપણું આવે છે.

પ્રથમ તો નિર્વિકલ્પ નિજ ભગવાન આત્માની દૃષ્ટિ અને અનુભૂતિ દ્વારા 'આ જ હું આત્મા છું' એવી પ્રતીતિ લાવવી તેનું નામ સમ્યગ્દર્શન છે. શરીરાદિ તો હું નહીં, અશુભરાગ તો મારું સ્વરૂપ નહીં પણ દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન, અણુવ્રત-મહાવ્રતનું પાલનરૂપ શુભરાગ પણ મારી અનુભૂતિથી ભિન્ન છે. વ્યવહાર રત્નત્રયનો રાગ પણ હું નહીં એવા રાગ રહિત શુદ્ધસ્વરૂપનું અંતરમાં જ્ઞાન થાય છે તેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

હવે ચારિત્ર એટલે શું? કે ચારિત્ર એટલે સ્વરૂપમાં રમવું. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાનમાં એકાગ્રતા તો હતી પણ તેનાથી વિશેષ ચારિત્ર દ્વારા એકાગ્રતા થવી તે સમ્યક્ચારિત્ર છે. આ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ વીતરાગી એકાગ્રતા–ભાવના તે જ તીક્ષ્ણ શસ્ત્ર છે અર્થાત્ અતીન્દ્રિય આનંદની દૃષ્ટિ, અતીન્દ્રિય આનંદનું જ્ઞાન અને અતીન્દ્રિય આનંદની લીનતાને જ આચાર્યદેવ તીક્ષ્ણ શસ્ત્ર કહે છે. તેના દ્વારા જેણે નિમિત્તરૂપ બાહ્ય પરિગ્રહનો અને અંતરંગમાં રહેલો મિથ્યાત્વાદિ પરિગ્રહનો ત્યાગ કર્યો–છેદ કર્યો તે તો સાચા ભાવલિંગી મુનિરાજ છે.

દલપતરામ કવિ થઈ ગયા તેણે લખ્યું છે કે 'વાંચે પણ નહીં કરે વિચાર, તે સમજે નહીં સઘળો સાર!' સમ્યગ્દર્શન શું, સમ્યગ્જ્ઞાન શું, સમ્યક્ચારિત્ર શું એ તો સમજે નહીં અને દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ કરી લે, થોડાં વ્રત પાળી લે અને પોતાને ચારિત્રવંત માની લે છે તે પોતાના આત્માને જ છેતરે છે. જેને સમ્યગ્દર્શન–જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ નથી તેને બાહ્યની બધી વાંછા પડી હોય છે. શુભરાગ કરવો એ મારું કર્તવ્ય છે. દયા-દાન-વ્રતનો ભાવ આવ્યો એ મારું કર્તવ્ય છે એવા સમસ્ત મનોરથ—આત્મરથ નહીં પણ મનોરથ—શુભાશુભ સંકલ્પ–વિકલ્પના મનોરથ ચલાવ્યા કરે છે કે શુભાશુભરાગ અમારાં છે, દેહ અમારો છે, દેહની ક્રિયા અમારી છે.....એવા સંકલ્પ–વિકલ્પની ધારા ઊઠે છે તે પાણીમાં ઉઠતાં કલ્લોલ જેવી વિકલ્પોની માળાઓના ત્યાગરૂપ મનનું મુંડન તો ન કર્યું અને જિનદીક્ષારૂપ માથાનું મુંડન કરીને મુનિવેષ ધારણ કર્યો તેનું અડધું કામ તો થઈ ગયું ને! અરે ભાઈ! વાળનું મુંડન તો ઘેટાં–બકરાને પણ કરે છે તેનાથી આત્માનું કામ થયું કેમ કહેવાય! આત્માના સમ્યગ્દર્શન વિના અઠ્યાવીશ મૂળગુણની ક્રિયા પાળે તો પણ જન્મ-મરણનો નાશ થતો નથી.

અરે! એણે એટલીવાર ત્યાગ કર્યો છે કે તેના પીંછી–કમડંળનો ઢગલો કરો તો અનંતા મેરુ ભરાય. પણ જ્યાં સુધી રાગથી પૃથક્ અખંડાનંદપ્રભુની દૃષ્ટિ અને અનુભવ નથી કર્યો તો એણે અંદરમાં મનનું મુંડન કર્યું નથી તેથી મનમુંડન વિના બાહ્યત્યાગ કે રાગની મંદતાથી યથાર્થ મુનિદશા કદી થઈ નથી. માટે, અહીં કહે છે કે વાંછારૂપ મનનું મુંડન કર્યા વિના વ્રતાદિ લઈ લીધા, દીક્ષા લઈ લીધી અને મુનિપણું માની લીધું તેણે આત્માને ઠગી લીધો છે. સંસ્કૃત ટીકામાં શબ્દ છે...मनोमुण्डनं पूर्वमकृत्वा...પ્રથમ આત્મદર્શન–આત્મજ્ઞાન વિના વ્રત લઈ લીધા તેણે આત્માને ઠગી લીધો. મનમુંડન કર્યા વિના શિરમુંડન કરી મુનિપણું માની લીધું. આમાં આત્માના હિતનું કાર્ય તો ન થયું પણ મિથ્યાત્વરૂપ આત્મઅહિતનું કાર્ય થયું.

મિથ્યાત્વ તે જ મોટો સંસાર છે અને સમ્યક્ત્વ એ જ મોટો મુક્તિમાર્ગ છે. સમયસાર નાટકમાં મોક્ષઅધિકારના સારમાં આવે છે કે પ્રગટ થાઓ કે મિથ્યાત્વ તે જ આસ્રવ–બંધરૂપ

સંસાર છે અને મિથ્યાત્વનો અભાવ એ જ સંવર–નિર્જરા અને મોક્ષ છે. શુભ–અશુભભાવ એ મારાં છે અને મને લાભકર્તા છે એવી માન્યતા જ મોટું મિથ્યાત્વ છે. નવા આવરણનું કારણ એ જ છે અને એ જ ભાવબંધરૂપ છે. તેનાથી નવા દર્શનમોહનો દ્રવ્યબંધ પડે છે. તેનાથી વિરુદ્ધ શુદ્ધ ચૈતન્ય અખંડઆનંદસ્વરૂપ આત્મા તે જ હું! દેહ દેહની ક્રિયા કે શુભા-શુભરાગ હું નહીં. પરની દયા પાળવાનો કે પરની હિંસા કરવાવાળો હું નથી. હું તો તેનો જાણવાવાળો છું. એ પણ વ્યવહારથી જાણવાવાળો છું. હું તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાતાસ્વભાવ છું. ત્રણકાળ ત્રણલોકને જાણવા-દેખવાવાળો છું–રાગનો એક કણ ઊઠે છે તે પણ મારે કરવાયોગ્ય કાર્ય નથી એવા અનુભવની દૃષ્ટિ થવી તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે.

આ સમ્યગ્દર્શન થતાં જ સંવર–નિર્જરા શરૂ થઈ જાય છે અને તેની ઉગ્રતાથી સ્થિરતા થતાં મોક્ષ થઈ જાય છે. મોક્ષમાર્ગમાં વ્યવહાર વચ્ચે આવે છે જરૂર પણ તે બંધનું કારણ છે, મોક્ષનું નહીં. ઘણાં વર્ષોથી ભજન કરતાં હો પણ દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તેની તો ખબર ન હોય અને અમે ધર્મી છીએ એમ માની લો તો ધર્મ થઈ જવાનો નથી. ભક્તિ હોય છે પણ તેની મર્યાદા શુભભાવ પૂરતી છે. તેનાથી વિશેષ ધર્મ થાય છે–એમ નથી. માણસને આવી શ્રદ્ધા થવી પણ કઠણ પડે છે ત્યાં સમકિત તો દૂર રહી ગયું.

સમકિત કઠણ છે માટે ન થાય એમ નથી. આઠ વર્ષની બાળકીને પણ થઈ શકે છે. અરે! ભગવાન ત્રિલોકનાથ તો કહે છે કે સાતમી નરકમાં પણ અનાદિના મિથ્યાદૃષ્ટિ જીવ સમકિત પામી શકે છે, પામે છે. પૂર્વે રાજા-મહારાજા હોય, ત્યાં જ્ઞાનીની વાણી સાંભળી હોય પણ દરકાર ન કરી હોય, પાપ કરીને નરકે જાય ત્યાં કોઈ જીવને યાદ આવી જાય કે અરે! આત્માની વાત મેં જ્ઞાની પાસે સાંભળી હતી પણ સાવધાન થઈને આત્માનું ભાન ન કર્યું....મારી જિંદગી નિષ્ફળ ગઈ એમ પશ્ચાતાપ કરતો કરતો અંદરમાં ઉતરી સમ્યગ્દર્શન પામી જાય છે. અનંતકાળમાં જે આત્મભાન ન કર્યું એવું અપૂર્વ કાર્ય સાતમી નરકમાં તીવ્ર અશાતાની વચ્ચે રહીને પણ કરી લે છે. સમ્યગ્દર્શન સહિત અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી લે છે તેથી તો પદ આવે છે કે "ચિન્મૂરત દૃગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી, બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખ રસ ગટાગટી." શ્રેણિકરાજા અત્યારે પહેલી નરકમાં છે. પહેલાં નરકનું આયુષ્ય બંધાઈ ગયું અને પછી સમ્યગ્દર્શન થયું. અહો! હું તો આત્મા–આનંદકંદ છું. કોઈપણ જાતનો રાગ છે તે મારું સ્વરૂપ નથી એવો અનુભવ થયો પણ ગતિ તો બદલાય નહીં. આયુની સ્થિતિ લાંબી હતી તે ઘટીને ચોરાશી હજાર વર્ષની રહી ગઈ એ બધો સમ્યગ્દર્શનનો પ્રતાપ છે.

દૌલતરામજીએ સમ્યગ્દૃષ્ટિને ચિન્મૂરત કહ્યાં છે. ચિન્મૂર્તિ અર્થાત્ જ્ઞાનની મૂર્તિ છે, જ્ઞાનસૂર્ય છે તે નરકમાં બાહ્યથી દુ:ખ ભોગવે છે છતાં અંતરમાં સુખરસની ગટાગટી કરે છે. આવા સમ્યગ્દર્શનની મહિમા લોકોએ સાંભળી નથી અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર લઈને બેસી જાય છે. સમ્યગ્દૃષ્ટિ તો મરીને સ્વર્ગમાં ગયા હોય તો ત્યાં અનેક દેવાંગનાઓ સાથે રમણ કરતાં હોવા છતાં પરિણતિ તો ત્યાંથી પાછી હટીને સ્વરૂપમાં રમણ કરવા લાગે છે. 'જ્ઞાન-વૈરાગ્ય શક્તિ' જ્ઞાનીને એવી પ્રગટ થઈ ગઈ છે કે ઉદયને ભોગવતાં છતાં કર્મોનો રસ ઘટતો જ જાય છે. "સદન નિવાસી, તદપિ ઉદાસી, તાતૈં આસ્રવ છટાછટી..." સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હો, ઘર, સ્ત્રી, પુત્ર, ધનાદિની વચ્ચે હો તો પણ તેનાથી ઉદાસ છે. તેથી કષાયભાવો તો ઘટતાં જ જાય છે કેમકે દૃષ્ટિ સમ્યક્ થઈ ગઈ છે.

'જે ભવહેતુ અબુધકેં તે, તસ કરત બંધકી ઘટાઘટી.' અજ્ઞાની-અબુધને તે ભાવ બંધના કારણે છે કેમ કે શુભાશુભભાવને તે પોતાને કરવાયોગ્ય કાર્ય માને છે ધર્મના કારણ માને છે, તેથી તે ભાવ અબુધને બંધના કારણ છે. જ્યારે જ્ઞાની એ ભાવને ધર્મનું કારણ નહીં માનતાં હોવાથી બંધને છેદી નાખે છે. સમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વના પ્રતાપે નારક, પશુ, સ્ત્રી કે વિકલત્રય જેવી હલકી ગતિમાં ઉત્પન્ન થતાં નથી.

'સંયમ ધર ન સકૈ પૈ સંયમ ધારનકી ઉર ચટાચટી.' સમ્યગ્દૃષ્ટિ અવિરતદશામાં ચારિત્રમોહવશ સંયમ ધરી ન શકતાં હોવા છતાં અંતરમાં એવી ભાવના વર્ત્યા જ કરે છે કે ક્યારે સ્વરૂપમાં સ્થિર થાઉં! એવી ચટાચટી રહ્યાં કરે છે. આવા સમ્યગ્દૃષ્ટિના સુયશને હું શું કહું! ચોથા ગુણસ્થાનવર્તી સમકિતીની આ મહિમા છે. ઢઢાળામાં આવી ગયું કે સમકિતીને અતીન્દ્રિય આનંદનો સ્વાદ તો આવ્યો છે પણ વિશેષ સ્થિરતા થઈ નથી-લેશ પણ સંયમ પ્રગટ થયો નથી છતાં સુરનાથ એટલે દેવેન્દ્રો પણ સમકિતીને પૂજે છે. ત્રીજી ઢાળની ૧૫મી ગાથા છે :—

"દોષ રહિત ગુણ સહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં,
ચરિત મોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.
ગેહી પૈ ગૃહમેં ન રચૈં જ્યોં, જલતેં ભિન્ન કમલ હૈ,
નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ." ૧૫.

દૌલતરામજી કહે છે કે 'હું આત્મા' શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન દેહ તથા વિકારથી ત્રિકાળ નિરાળા સ્વભાવે છું. હું ત્રણકાળમાં કદી દેહની ક્રિયા કરતો જ નથી, પરના ત્યાગ-

ગ્રહણ મારાં સ્વરૂપમાં છે જ નહીં આવી સમ્યક્દૃષ્ટિ થઈ છે પણ ચારિત્રમોહવશ એટલે કે ચારિત્રમોહના કારણે નહીં પણ ચારિત્રમોહને વશ થવાથી સંયમનું પાલન નથી. છતાં આવા સમકિતીને ઇન્દ્ર જેવા પણ પૂજે છે–ચિત્રમાં જુઓ–સમકિતી બેઠા છે તેને ઇન્દ્ર આવીને વંદન કરે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા છે પણ જેમ જળથી કમળ ભિન્ન રહે છે તેમ સમકિતી ભિન્ન રહે છે. જેમ કાદવમાં સોનુ નિર્લેપ રહે છે તેમ સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં રાગથી નિર્લેપ રહે છે—એકત્વ કરતાં નથી. જેમ, વેશ્યાને કોઈ પુરુષ ઉપર પ્રેમ નથી, તેને તો પૈસાનો પ્રેમ છે તેમ સમ્યગ્દૃષ્ટિને પોતાના સ્વભાવ સિવાય ક્યાંય પ્રેમ નથી. રાજપાટમાં રહ્યાં હોય છતાં ધર્મીની પ્રવૃત્તિ વેશ્યાના પ્રેમ જેવી ઉપર ઉપર હોય છે.

અહીં કહે છે કે પોતાના આનંદસ્વરૂપની અનુભવદૃષ્ટિ અને સ્વરૂપમાં વિશેષ રમણતારૂપી ચારિત્રની તીક્ષ્ણ ધાર વડે જેણે મનની વાંછાઓનું મુંડન તો કર્યું નહીં અને શિરનું મુંડન કરી લીધું તેને અંતરમાં રાગમાં એકત્વબુદ્ધિ અને બાહ્યમાં નિમિત્તરૂપ પરદ્રવ્યોનો પરિગ્રહ છૂટ્યો નથી માટે, તેણે તો પોતાના આત્માને ઠગી લીધો છો.

આ વાત સમજીને નિજ શુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન વીતરાગપરમાનંદ પરિગ્રહને અંગીકાર કરીને–જુઓ મૂળમાં પાઠ છે....वीतरागपरमानंदपरिग्रहं कृत्वा.....ભગવાન! તારો પરિગ્રહ તો આ છે. તેને ગ્રહીને વિકાર અને પરના પરિગ્રહને છોડ! સમ્યગ્દૃષ્ટિનો પરિગ્રહ શુભાશુભભાવ નહીં શરીર કે શરીરની ક્રિયા અને ધનાદિ એ જ્ઞાનીનો પરિગ્રહ નહીં....ભારે વાત ભાઈ! ૯૧ ગાથામાં તો ઘણો વિસ્તાર આવશે.

પરિગ્રહ એટલે પરિ + ગૃહ = સમસ્ત પ્રકારે પક્કડ. તો સમકિતી અને મુનિને શેની પક્કડ હોય કે વીતરાગ પરમાનંદની જ પક્કડ હોય છે. ધર્મી આત્માનો પરિગ્રહ પકડી લે છે અને પુણ્ય-પાપનો પરિગ્રહ છોડી દે છે. પરિગ્રહનો અર્થ અહીં મમતા ન લેવો. જ્યાં સુધી અંતરંગમાં વીતરાગી પરમાંદની પક્કડ ન થાય ત્યાં સુધી બાહ્ય પરિગ્રહની મમતા છૂટતી નથી.

કોઈએ મશ્કરી કરી કે, તમે તો વીતરાગ છો. વીતનો અર્થ પૈસો પણ થાય છે. એટલે એમ કે તમે પૈસાના રાગી છો. પહેલાને એમ થયું કે અમે વીતરાગ તો થયા નથી તો કેમ વીતરાગી કહે છે!...આવી મશ્કરી ન હોય ભાઈ! અજ્ઞાનીને પુણ્ય–પાપની એકત્વબુદ્ધિ છે તે પણ એક પરિગ્રહ છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિને એ પરિગ્રહ તો નથી પણ વીતરાગ પરમાનંદનો પરિગ્રહ છે. મુનિરાજે ભાષા કેવી લીધી છે! ધર્મીને દયા-દાન-વ્રત-ભક્તિના રાગની કે શરીરાદિની મમતા બિલકુલ નથી. દેહની ક્રિયા છે તેનું માત્ર જ્ઞાન છે.

જેમ મકોડો કરડે તો કેવી પક્કડ કરી લે છે! છોડતો નથી તેમ સમકિતી પોતાના વીતરાગ પરમાનંદની પક્કડ એવી કરે છે કે છોડતા નથી. રાગની પક્કડ એવી છોડે છે કે ગ્રહતા નથી. સમકિતીને શ્રદ્ધામાં આવી પક્કડ છે પણ અસ્થિરતા હોય છે. પણ મુનિને તો રાગની અસ્થિરતા પણ હોતી નથી એકલા અતીન્દ્રિય આનંદના પિંડની પક્કડ કરી લીધી છે—અંગીકાર કરી લીધો છે તેથી ત્રણકાળમાં ક્યારેય પરની વાંછા નથી. પૂર્વે કરેલાં રાગનો પણ પ્રેમ નથી. પૂર્વે મેં શુભભાવ કર્યો હતો માટે મને આવો મનુષ્યભવ મળ્યો ને! એટલો લાભ તો થયો ને! એમ કરીને પૂર્વના રાગને ઠીક માનવો તે મિથ્યાત્વનો પરિગ્રહ છે. વળી ભવિષ્યમાં મને શુભભાવના ફળમાં અનુકૂળ દેહ આદિ મળે એવો ભાવ પણ પરિગ્રહ છે. તે બધાં પરિગ્રહને છોડીને અને મન-વચન-કાયા ત્રણેયથી થતાં પરિગ્રહને છોડીને અને કરવું—કરાવવું અને અનુમોદવું એ ત્રણેયથી પરિગ્રહને છોડીને મુનિરાજ નિજસ્વરૂપના પરિગ્રહમાં લીન થાય છે. સમકિતી પણ પરિગ્રહને શુદ્ધાત્માના અનુભવના વેરી જાણતાં હોવાથી તેની મમતા છોડીને પોતાના શુદ્ધસ્વભાવ ો જ પોતાનો પરિગ્રહ માને છે, તેથી તેમાં જ દૃષ્ટિ અને એકાગ્રતા કરે છે, એ જ સમકિતીનો ધર્મ છે. દેખેલા, સાંભળેલા કે અનુભવેલા ભોગોની ધર્મી મમતા કરતાં નથી.

*(ક્રમશઃ)*

---

❀ પ્રભુ તને ભગવાન તરીકે જોવે છે અને તું પણ તને ભગવાન તરીકે જો તો ભગવાન થઈશ. નિર્મળ પર્યાયથી પણ ભિન્ન જે ભૂતાર્થ વસ્તુ છે તેને શુદ્ધ કહેવામાં આવે છે, તેના પર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનનો ઉત્પાદ થશે ને મિથ્યાત્વનો વ્યય થશે. માટે શુદ્ધ વસ્તુમાં જા—તેની દૃષ્ટિ કર. સંયોગથી તો ભિન્ન, દયા-દાનના વિકલ્પથી ભિન્ન અને એક સમયની પર્યાયથી પણ ભિન્ન વસ્તુ શુદ્ધ છે, તેની દૃષ્ટિ કરતાં ધર્મની શરૂઆત થાય છે. આ એક જ ધર્મની રીત છે, ધર્મની વિધિ છે, ધર્મની કળા છે. બીજા લાખ ઉપાયે પણ ધર્મ થશે નહીં.

❀ એક ત્રિકાળી ધ્રુવને જાણ્યા વિના જે જીવ જ્યાં સુધી વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી જીવને રખડવું મટતું નથી. જે ત્રિકાળી ચીજ છે તેમાં તો એક સમયની પર્યાય પણ નથી. જે ભેદમાં ને વિકલ્પમાં રોકાશે તે જીવને ત્યાં સુધી આત્મા હાથમાં—જ્ઞાનમાં નહીં આવે. પ્રભુ! એક વાર સાંભળ, બધું મૂકીને એકવાર નિર્વિકલ્પતત્ત્વ જો! અવસર ચાલ્યા જશે તો ફરી ક્યારે મળશે નાથ! માટે ચાલતી ધારા જે પર્યાય છે તેની નજર છોડીને તેની પાછળ જે ત્રિકાળી નાથ મૌજૂદ બિરાજમાન છે તેની નજર કર બાપુ!

—*પૂજ્ય ગુરુદેવશ્રી*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—આત્મામાં રાગ થાય છે, છતાં રાગ થતો નથી તેમ કેમ કહેવામાં આવે છે?*

સમાધાન :—આત્મા તો શાશ્વત પોતાના સ્વભાવરૂપે છે ને રાગ તો વિભાવ છે, તેથી તેમાં રાગ ક્યાંથી હોય? દ્રવ્યમાં રાગ નથી. દ્રવ્ય અપેક્ષાએ 'રાગ નથી' તે બોલવામાત્ર નથી, પણ રાગ મારા સ્વભાવમાં ખરેખર નથી. મારા મૂળ સ્વરૂપમાં રાગ નથી. હું તો જેમ છું તેમ અનાદિ-અનંત જ્ઞાયકસ્વરૂપે છું; પણ પર્યાયમાં રાગ છે, તેનાથી દૂર કેમ થાઉં? માટે પુરુષાર્થ કરવાનો રહે છે.–આમ વિચારે તો આ બે અપેક્ષામાં વિરોધ નથી. દ્રવ્ય અપેક્ષાએ મારામાં રાગ નથી; દ્રવ્ય સ્વરૂપ જોઉં તો રાગ મારામાં નથી; હું તો જ્ઞાયક–શુદ્ધાત્મા છું. આ જે બધા વિભાવિક ભાવ છે તે ઉપર ઉપરથી રહેલા છે, તે અંતરના મૂળમાં નથી. રાગની પરિણતિ છે તે મારા મૂળ સ્વરૂપમાં નથી, તો તે ટળે કેવી રીતે? એ રીતે સાધકને તેને ટાળવાનો અને પોતાના શુદ્ધાત્મસ્વરૂપને પ્રગટ કરવાનો પ્રયત્ન રહે છે. સાધકની રુચિમાં આવ્યું છે કે હું તો જ્ઞાયક છું. મારામાં આ રાગ છે જ નહિ. તો પણ આ બધું આવ્યું ક્યાંથી? કે મારી પોતાની પરિણતિ પુરુષાર્થની મંદતાથી વર્તમાન તે રીતે પરિણમી છે એટલે તે આવ્યું છે.

*પ્રશ્ન :—જ્ઞાની રાગ મારામાં થાય છે એવું જાણવાં છતાં, રાગ મારામાં નથી તેમ કયા પ્રયોજનપૂર્વક વિચારે છે?*

સમાધાન :—જ્ઞાની પ્રયોજનપૂર્વક વિચારે છે કે રાગ મારા સ્વભાવમાં નથી. તેને રુચિ, પ્રતીતિમાં તો એમ છે કે રાગ મારા સ્વભાવમાં નથી છતાં પણ આ રાગ છે ખરો! હવે તે છે તો ટળે કેવી રીતે? એમ વિચારી તેને ટાળવાનો પ્રયત્ન કરે છે. હું તો અનાદિ-અનંત જ્ઞાયક જ છું, રાગ મારા સ્વભાવમાં નથી તેથી હું તેનો કર્તા નથી. આ રીતે અંતરમાં બેય અપેક્ષા સમજે છે તેથી જ્ઞાનીને બેમાં વિરોધ દેખાતો નથી. મૂળ સ્વરૂપમાં રાગ નથી તેથી ટળી જાય છે. જો મૂળમાં રાગ હોય તો ટળે ક્યાંથી? જો મૂળમાં રાગ હોય તો આત્માનો સ્વભાવ થઈ જાય ને તો કદી ટળે નહિ. વળી રાગ દુ:ખરૂપ છે ને પોતાનો સ્વભાવ દુ:ખરૂપ હોય નહિ. માટે આ પરના લક્ષે થયેલી ઉપાધિરૂપ પરિણતિ છે ને તે ચાલી જતાં મારો સ્વભાવ છે તે પ્રગટ થઈ જાય છે. આમ તેની રુચિ પોતાના સ્વભાવ તરફ રહે છે. હું જ્ઞાયક છું અને આ રાગાદિ ટળે કેમ, એમ રુચિમાં અને ભાવનામાં તેને રહે છે.

*પ્રશ્ન :—શ્રદ્ધા પાકી થયા પછી વર્તન કેમ નથી થતું? ચારિત્રને કેમ વાર લાગે છે?*

સમાધાન :—જ્ઞાનીના પ્રયત્નની કચાશ છે, જોકે તેને અમુક અંશે તો ચારિત્ર છે. જ્યાં શ્રદ્ધા યથાર્થ થાય છે ત્યાં જ્ઞાયકની પરિણતિ અમુક પ્રકારે તો પ્રગટ થઈ જાય છે અને તેથી અમુક પ્રકારે જુદો પડી જાય છે. છતાં ચારિત્ર બાકી છે તે તેના પ્રયત્નની ખામી છે. તો પણ શ્રદ્ધામાં એટલું બળ છે કે તે પ્રયત્ન કરી અવશ્ય પાર પડવાનો જ છે. જ્ઞાનીનો પ્રયત્ન ચાલુ રહે છે, પ્રયત્ન છૂટી જતો નથી. ક્ષણે ક્ષણે જે વિભાવ પરિણતિ ઊભી થાય છે તેની સામે તેનો એકત્વ ન થાય એટલો જોરદાર પ્રયત્ન ઊભો જ રહે છે. શ્રદ્ધાના બળથી ને જ્ઞાયકની પરિણતિથી ક્ષણે ક્ષણે પરિણતિને પોતા તરફ ખેંચતો પોતે ઊભો રહે છે. તેના પ્રયત્નમાં જેટલું બળ હોય તેટલું સહજપણે રહે છે. તેને અમુક (ચારિત્રના) પ્રયત્નની કચાશને લઈને વાર લાગે છે છતાં જ્ઞાયકની ધારા ક્ષણે ક્ષણે હાજર જ રહે છે. તેથી પર સાથે એકત્વ થતો નથી. શ્રદ્ધાના બળથી એટલો પ્રયત્ન તેને પ્રગટ થયો છે અર્થાત તેને એટલો જોરદાર પ્રયત્ન સાથે રહે છે કે વિભાવ કે પર સાથે એકત્વ થતું જ નથી. વિભાવ સાથે અનાદિનું એકત્વ હતું તે એકત્વ હવે નથી થતું, દરેક કાર્યમાં જુદો ને જુદો રહે છે. સ્વાનુભૂતિની દશા પ્રગટ થઈ ત્યારથી વિભાવ સાથેનું એકત્વ કોઈ ક્ષણે થતું નથી. એવો તેનો સહજ પ્રયત્ન ચાલે છે કે પરના કોઈ કાર્યમાં કે શુભાશુભના કોઈ વિકલ્પમાં એકત્વ થતું નથી. ઊંચામાં ઊંચા શુભ વિકલ્પ હોય તો પણ એકત્વ થતું જ નથી, તેનાથી વિશેષ પ્રયત્ન નથી એટલે તેને ચારિત્રદશામાં વાર લાગે છે.

*પ્રશ્ન :—માર્ગની શરૂઆત જ અઘરી છે કે આખો માર્ગ જ એ પ્રમાણે પુરુષાર્થ માંગે છે?*

સમાધાન :—શ્રીમદ્‌માં આવે છે કે પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. અનાદિથી એકત્વબુદ્ધિ ગાઢ થઈ રહી છે. તેમાંથી તેને પસાર થવું વિકટ લાગે છે. પછી તો તેને માર્ગ સહજ અને સુગમ છે. પોતાના સહજ સ્વભાવને જેણે ઓળખ્યો અને જેને સ્વભાવ પ્રગટ થયો તેને પછી માર્ગ સહજ અને સુગમ છે. જેવી પહેલી ભૂમિકા કઠણ હોય છે તેવી દરેક ભૂમિકા કઠણ હોતી નથી. પુરુષાર્થની ધારા તો બધામાં ચાલુ જ રાખવી પડે છે, પણ પહેલી ભૂમિકા વિકટ હોય છે.

*પ્રશ્ન :—સમ્યગ્દર્શન ટકાવી રાખવું વિકટ છે?*

સમાધાન :—સમ્યગ્દર્શન પામવું વિકટ છે અને ટકાવી રાખવું તે પણ પુરુષાર્થ માંગે છે. પામ્યા પછી ટકાવી રાખવું તેના કરતાં પામવું વધારે વિકટ છે. સમકિત પામ્યા પછી ટકાવવાનું વિકટ છે, પણ જેને પુરુષાર્થ ચાલતો હોય તેને વિકટ નથી. જેનો પુરુષાર્થ

છૂટી જતો હોય તેને ટકાવવું વિકટ છે. જે અપડિવાહીએ–અપ્રતિહતધારાએ ઊપડ્યો હોય, ચારે પડખેથી ઊપડેલો હોય, તેને ટકાવવું વિકટ નથી, પણ જે ચારે પડખેથી ઊપડ્યો ન હોય તો તેને વિકટ છે. છતાં પણ પહેલી ભૂમિકા વધારે વિકટ છે. અનંતા જીવોએ ભેદજ્ઞાન પ્રગટ કર્યું, ચારિત્રદશા પ્રગટ કરી અને મોક્ષે ગયા. કારણ કે પોતાનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ હોવાથી વિકટ હોવા છતાં, ન બની શકે તેવું નથી. પોતે પુરુષાર્થ કરે તો થઈ શકે તેવું છે.

*પ્રશ્ન :—સમ્યગ્દર્શન થયા પહેલાં સ્વભાવનો મહિમા આવે?*

સમાધાન :—સ્વભાવનો યથાર્થ મહિમા વિકલ્પ તૂટે ત્યારે આવે છે. પણ તે પહેલાં વિચાર કરી નિર્ણય કરે તેમાં પણ તેને મહિમા તો આવે છે. યથાર્થ મહિમા તો સ્વરૂપમાં લીન થાય, સ્વાનુભૂતિની દશા પ્રગટ થાય ત્યારે આવે છે, છતાં પોતે વિચારીને નક્કી કરે છે તેમાં પણ મહિમા આવે છે.

*પ્રશ્ન :—શું તેણે પ્રયત્ન ચાલુ રાખવો?*

સમાધાન :—તેણે પ્રયત્ન ચાલુ રાખવો જોઈએ. જે ચારે બાજુથી ઊપડ્યો ન હોય ને કોઈ કારણસર ઊપડ્યો હોય તેને પુરુષાર્થ મંદ થવાનું કારણ બને છે. જે ચારે પડખેથી ઊપડ્યો હોય તેને પુરુષાર્થની ધારા ચાલે છે. તો પણ, પુરુષાર્થ તો તેને ઠેઠ સુધી અપડિવાહી–અપ્રતિહતધારાએ કરવો.

*પ્રશ્ન :—શું આત્મા પ્રાપ્ત કરવા તીવ્ર પુરુષાર્થની જરૂર છે?*

સમાધાન :—(હા), તીવ્ર પુરુષાર્થની જરૂર છે. જેને થાય તેને અંતર્મુહૂર્તમાં થાય અને ન થાય તો તેને માટે તીવ્ર પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થ કરે તો થાય જ, ન થાય તેવું નથી, પણ પોતે કરતો નથી. અનંતા જીવો પુરુષાર્થ કરીને મોક્ષ ગયા છે. પર અને વિભાવ સાથેની એકત્વબુદ્ધિ દિવસ અને રાત ચાલ્યા કરે છે. તેમાંથી છૂટો પડીને જ્ઞાયકનો અભ્યાસ અમુક પ્રકારે કરે છે પણ તેનો અભ્યાસ અંદરથી સતત કરે તો થાય. સતત અભ્યાસ ક્યારે થાય? કે લગની લાગે તો થાય.

*પ્રશ્ન :—શું હઠ કે ઉતાવળ કામ ન આવે?*

સમાધાન :—ઉતાવળ કામ ન આવે ને હઠ કરે તો પણ કામ ન આવે. અંદરથી પોતાને સહજ લાગવું જોઈએ તો થાય. કામ થાતું નથી માટે ઉતાવળ કે હઠ કરે; આકુળતા કે મૂંઝવણ કરે તો કાંઈ થાતું નથી. તેને ભાવના થાય, અને ભાવના હોવા છતાં માર્ગ

દેખાતો નથી તેથી મૂંઝવણ પણ થાય; છતાં મૂંઝવણ એવી ન હોવી જોઈએ કે પોતે નાસીપાસ થઈ જાય.

*પ્રશ્ન :—આત્મા હાથમાં ન આવે ત્યારે કયું પ્રેરક બળ કામનું? તે શું કામ કરે?*

સમાધાન :—આત્મા હાથમાં ન આવે ત્યાં સુધી વારંવાર પ્રયાસ કર્યા કરવો. હું તો જુદો છું એવા વિચારો કર્યા કરે. પ્રેરણા માટે કરવાનું આ એક જ છે, બીજું નથી. તેની મહિમા ન આવે તો મહિમા લાવે, સ્વભાવ ઓળખવાનો પ્રયત્ન કરે. જિનેન્દ્રદેવે શું કહ્યું? ગુરુએ શું કહ્યું? તે ઉપદેશ યાદ કરે. ગુરુદેવે તો પુરુષાર્થ પ્રગટ થાય તેવી ઘણી પ્રેરણા આપી છે. તે ઉપરાંત શાસ્ત્ર-સ્વાધ્યાય કરે ને વિચાર કરે. પણ કરવાનું અંતરમાં છે. બહાર થોડી સ્વાધ્યાય કરીને કે આ બધું વિચાર-વાંચન કરીને મેં ઘણું કર્યું છે એમ માને તો ન થાય, કેમ કે કરવાનું અંતરમાં છે. ગુરુદેવનો ઉપદેશ જોરદાર, પુરુષાર્થ ઊપડે તેવો પ્રેરણાદાયક હતો. તું જોરે કર.–એમ જોરદાર સિંહગર્જના કરતા. નિમિત્ત તો બળવાન હતું, પણ પોતે જ કર્યું નથી. પોતાની આળસને લઈને પોતે ચૈતન્યને નીરખતો નથી. "નિજ નયનની આળસે રે, મેં નીરખ્યા ન નયને હરિ" પોતાની આળસને લઈને પોતે જોતો નથી, પણ પોતે જ છે.

*પ્રશ્ન :—બધા મુમુક્ષુને આ કરવાની ભાવના છે, માટે તો વારંવાર દોડી દોડીને આવે છે ને?*

સમાધાન :—ભાવના છે, પુરુષાર્થ નથી. ભાવના કર્યા કરે છે, પણ માર્ગને પોતે અંતરમાંથી પુરુષાર્થ કરીને પ્રગટ કરતો નથી. માત્ર ભાવના કર્યા કરે છે.

*પ્રશ્ન :—ભાવના કરવી સહેલી પડે છે અને પુરુષાર્થ કરવો અઘરો પડે છે?*

સમાધાન :—પુરુષાર્થ અઘરો પડે છે, જેવું વસ્તુનું સ્વરૂપ છે તે પ્રમાણે કાર્ય કરવું જોઈએ. આવે છે ને? કે મને બંધન છે....બંધન છે....એમ વિચાર કર્યા કરે તો બંધન તૂટતું નથી. બંધનને તોડે તો બંધન તૂટે છે.

*પ્રશ્ન :—બંધન તોડવા આપની પાસે બધા આવે છે.*

સમાધાન :—બંધન તોડવું તે પોતાના હાથની વાત છે, બીજા તોડી દેતા નથી. શાસ્ત્રમાં આવે છે કે 'કર્મથી બંધાયેલાને બંધ સંબંધી વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી.' હું જુદો, હું જુદો એમ ભાવના કરે, વિચારશૃંખલા કર્યા કરે તેનાથી બંધન તૂટતું નથી. ભલે બીજી ભાવના કરે તેના કરતાં જુદો છું–જુદો છું એમ વિચારો–ભાવના કર્યા કરે તે ઠીક છે; પણ જુદા પડવાનો પ્રયત્ન કરે તો જુદો પડે. જેમ બેડીનું બંધન છે....બંધન છે અને તે તોડવું છે એમ વિચાર કર્યા કરે તો બંધન ન તૂટે; પરંતુ તોડવાનું કાર્ય કરે

તો જ તૂટે છે. તેવી રીતે મુમુક્ષુતા હોય તેથી ભાવના કર્યા કરે કે હું જુદો છું, આ મારું સ્વરૂપ નથી, સ્વરૂપ ક્યારે પ્રગટ થાય? —એમ વિચાર કર્યા કરે; પણ વિચારમાત્રથી કાંઈ થતું નથી. વિચાર તેને એક બાહ્ય સાધન તરીકે બને; પણ તોડવું તો પોતાના હાથની વાત છે અને તોડ્યા વગર બંધન તૂટતું નથી.

*પ્રશ્ન :—આવે છે ને? કે જ્ઞાનીનો એક શબ્દ કાને પડે અને અંદરમાં પલટો ખાઈ જાય.*

સમાધાન :—પોતાના પુરુષાર્થથી પલટો ખાય છે, પુરુષાર્થ વગર પલટો ખાતો નથી. માટે બધામાં ઉપાદાન પોતાનું છે. ગુરુદેવ કહે છે ને? કે ઘણીવાર ભગવાન મળ્યા; પણ પોતાની ખામીને લઈને પલટ્યો નહિ. ભગવાનનું નિમિત્ત તો જોરદાર હતું, ગુરુદેવનું નિમિત્ત પણ જોરદાર હતું; પણ પલટો પોતે ખાતો નથી.

*પ્રશ્ન :—ભાવના તો છે કે પલટો ખાવો છે, પણ પુરુષાર્થ ઊપડતો નથી?*

સમાધાન :—બેડીથી મૂંઝાયેલો હોય તે બેડી તોડવાનો માર્ગ ગોત્યા વગર રહેતો જ નથી. પોતે મૂંઝાણો છે કે આ બેડી કેમ તૂટે? તો તેનો માર્ગ ગમે તેમ કરીને અને ગમે તે સાધનો ભેગાં કરીને તોડ્યા વગર રહેતો જ નથી. તેમ ખરો મૂંઝાયેલો હોય તે છૂટ્યા વગર રહેતો જ નથી. ખરી પોતાને અંદરથી લાગી નથી, તીવ્ર તાલાવેલી નથી. ખરી લાગે તો તોડવાનો પ્રયત્ન પોતે જ કરે છે.

## વૈરાગ્ય-સમાચાર :—

અમદાવાદનિવાસી પાલડી મુમુક્ષુમંડળના પ્રમુખ તથા ખાડિયા મુમુક્ષુ મંડળના ભૂતપૂર્વ મંત્રી શ્રી ચુનીલાલ જીવણલાલ દોશી (વર્ષ-૯૫) તા. ૨૪-૧૧-૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પાલડી તેમજ ખાડિયા જિનમંદિરની પ્રતિષ્ઠા આદિમાં તેઓ મહત્ત્વપૂર્ણ કાર્યશીલ રહ્યા હતા.

રાજકોટનિવાસી શ્રી દામજીભાઈ ભાણાભાઈ પટેલ (વર્ષ-૭૬) તા. ૬-૧૦-૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મોરબીનિવાસી (હાલ સિકંદરાબાદ) શ્રી ભુપેન્દ્રભાઈ નગીનદાસ દોશી (વર્ષ-૬૩) તા. ૧૦-૧૧-૨૦૦૫ના રોજ કેન્સરની ટૂંકી બિમારીમાં સ્વર્ગવાસ પામ્યા છે.

વાંકાનેરનિવાસી (હાલ રોજકોટ) શ્રી સુમનભાઈ મગનલાલ મહેતા (વર્ષ-૭૧) તા. ૧૧-૧૧-૨૦૦૫ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

[તા. ૧૦-૧૨-૨૦૦૫]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રીના વચનામૃત પર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી 'ઇષ્ટોપદેશ' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

## * શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિવસ *

આપણા પરમપૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો વાર્ષિક 'આચાર્યપદારોહણદિવસ' માગશર વદ ૮, શનિવાર, તા. ૨૪-૧૨-૨૦૦૫ના દિવસે છે. આ અવસરે શ્રી સીમંધરસ્વામી-સમવસરણમંદિરમાં પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

## * ધાર્મિક કાર્યક્રમ *

ડીસેમ્બર માસની રજાઓમાં તા. ૨૪-૧૨-૨૦૦૫, શનિવારથી તા. ૨-૧-૨૦૦૬, સોમવાર—૧૦ દિવસનો સોનગઢમાં 'ધાર્મિક શિક્ષણવર્ગ'નું આયોજન કર્યું છે. આ દિવસોમાં તા. ૨૬-૧૨-૨૦૦૫ થી તા. ૧-૧-૨૦૦૬, સાત દિવસ માટે 'કહાન-પુષ્પ પરિવાર' મુંબઈ તરફથી સોનગઢમાં બાળકો માટે 'બાળશિક્ષણસંસ્કાર' શિબિરનું આયોજન કર્યું છે. અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થિઓને સોનગઢ પધારવાનું ટ્રસ્ટ તરફથી આમંત્રણ છે.

*

*સૌરાષ્ટ્રની પ્રસિદ્ધનગરી રાજકોટમાં*

શ્રી કુંદકુંદ-કહાન યુવકમંડળ દ્વારા નિર્માપિત

## નન્દીશ્વર બાવન જિનાલયયુક્ત

# શ્રી આદિનાથ દિગંબર જિનમંદિરનો

# પંચકલ્યાણક-પ્રતિષ્ઠા મહોત્સવ

(તા. ૨૭-૧-૨૦૦૬ થી તા. ૩-૨-૨૦૦૬)

અત્યંત આનંદોલ્લાસ સહ નિવેદન છે કે સ્વાનુભવમુદ્રિત શુદ્ધ અધ્યાત્મ-માર્ગના સ્વર્ણિમ-યુગપ્રવર્તક આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તથા સ્વાનુભવવિભૂષિત વિશિષ્ટોપકારી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકારપ્રતાપથી, આપણા આદરણીય ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહના મંગલ આશીર્વાદથી સૌરાષ્ટ્રપ્રદેશની પ્રસિદ્ધનગરી રાજકોટમાં આ નવનિર્મિત દિગંબર જિનમંદિરના ઉપલા માળે શ્રી નંદીશ્વર બાવન જિનાલયોમાં વીતરાગ-ભાવવાહી ભવ્ય દિગંબર જિનબિંબ તથા ગ્રાઉન્ડ ફ્લોર પર મૂળનાયક શ્રી આદિનાથ (૫૧ ઇંચ)ના વિશાળ જિનબિંબ અને શ્રી મહાવીરસ્વામી તથા શ્રી સીમંધરસ્વામીના વીતરાગભાવવાહી જિનબિંબ તથા નીચે વિશાળ સ્વાધ્યાયકક્ષમાં પરમપૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સંગેમરમરનિર્મિત પ્રવચનભાવવાળી ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યૂ)નું સંસ્થાપન, જિનવાણીની સ્થાપના તેમજ વિભિન્ન ચિત્રપટોની અનાવરણ વિધિ વગેરે કરવાનું અમારા યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ ભવ્ય જિનેન્દ્રભગવંતોની મંગલમયી પ્રતિષ્ઠાનું આયોજન આગામી પોષ વદ ૧૩, શુક્રવાર, તા. ૨૭-૧-૨૦૦૬ થી માઘ સુદ ૬, શુક્રવાર, તા. ૩-૨-૨૦૦૬ સુધી કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની પ્રસિદ્ધનગરી રાજકોટમાં સર્વપ્રથમ નિર્મિત આ ભવ્ય નંદીશ્વર બાવન જિનાલયના તથા શ્રી આદિનાથ વગેરે જિનવરોના પંચકલ્યાણક તથા ખડ્ગાસન શ્રી બાહુબલી મુનીન્દ્ર ભગવંતની પ્રતિષ્ઠાની મંગલ વિધિના શુભાવસર પર સમસ્ત મુમુક્ષુ ભાઈ-બહેનોને રાજકોટ પધારવાનું અમારા યુવકમંડળ ટ્રસ્ટ તરફથી ભાવભીનું આમંત્રણ છે.

*નિમંત્રક*

*શ્રી કુંદકુંદ-કહાન યુવકમંડળ ટ્રસ્ટ, રાજકોટ*

*અધ્યક્ષ—મનહરલાલ ધીરજલાલ શાહ*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ ભગવાન આત્માએ તો જ્ઞાનસ્વરૂપ જ પોતાનામાં ધારણ કરી રાખ્યું છે. ત્રિકાળી જ્ઞાનાત્મક તે હું એમ પર્યાયમાં ભાન થયું, તે પર્યાય સહિત જ્ઞાનાત્મકને આત્મા ધારણ કરે છે. ત્રિકાળી જ્ઞાન ધારણ કરનાર આત્મા તે હું—એમ પર્યાયમાં ભાન થયું છે, તેથી તે પર્યાય સહિતના જ્ઞાનાત્મકને આત્માએ ધારણ કર્યો છે. હું જ્ઞાનાત્મક છું એમ જાણ્યું કોણે? એમ સ્વીકાર કર્યો કોણે? જ્ઞાનની પર્યાયે...જ્ઞાનાત્મક ત્રિકાળ છું, એક છું, પરથી ભિન્ન છું, એકત્વના કારણે શુદ્ધ છું ને શુદ્ધના કારણે ધ્રુવ છું,—એમ જે જ્ઞાનની પર્યાયે સ્વીકાર કર્યો છે તે પર્યાય સહિત અભિન્ન છું; એમ ને એમ ધ્રુવ છું, ધ્રુવ છું—એમ નહીં; પણ પર્યાયમાં આવો સ્વીકાર આવ્યો તેને ધ્રુવ છે..... ૩૭૮.

❀ (દિનપ્રતિદિન બનતાં દેહવિલયના ક્ષણભંગુર પ્રસંગો સાંભળીને વૈરાગ્યભર્યાં શબ્દોમાં પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે કે) હે ભાઈ! આ દેહ તો ક્ષણમાં છૂટી જશે. દેહનો સંયોગ તો વિયોગજનિત જ છે. જે સમયે આયુષ્યની સ્થિતિ પૂર્ણ થવાની છે તેં સમયે તારા કોટિ ઉપાયો પણ તને બચાવવા સમર્થ નથી. તું લાખ રૂપિયા ખર્ચ કે કરોડ ખર્ચ, ગમે તો વિલાયતનો ડૉકટર લાવ, પણ આ બધું છોડીને તારે જવું પડશે. દેહવિલયની આવી નિયત સ્થિતિને જાણીને, તે સ્થિતિ આવી પડે તે પહેલાં જ તું ચેતી જા. તારા આત્માને ૮૪ના ફેરામાંથી બચાવી લે. આંખ મીંચાયા પહેલાં જાગૃત થા. આંખ મીંચાયા પછી ક્યાં જઈશ તેની તને ખબર છે? ત્યાં કોણ તારો ભાવ પૂછનાર હશે?—તો અહીં, લોકો આમ કહેશે ને સમાજ તેમ કહેશે—એવી મોહની ભ્રમજાળમાં ગુંચવાઈને તારા આત્માને શા માટે ગુંગળાવી રહ્યો છે? ૩૭૯.

❀ જીવ ક્યારેય ત્રિકાળી સ્વભાવની સન્મુખ થયો નથી, તેણે ક્યારેય ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિ કરી નથી. ખરેખર તો અજ્ઞાનીને પણ એક સમયની અજ્ઞાનની પર્યાયમાં પણ જ્ઞાયક જણાય છે.પણ જ્ઞાયકની દૃષ્ટિ નહીં હોવાથી, પર્યાયદૃષ્ટિ હોવાથી માત્ર પર્યાયને—રાગને જાણવાવાળો રહે છે તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. પર્યાયમાં આખી વસ્તુ જાણવામાં આવે છે, કેમ કે સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે; છતાં અજ્ઞાનીની દૃષ્ટિ સ્વ તરફ નહીં હોવાથી તેની દૃષ્ટિમાં એકલી પર્યાય જ આવે છે. દૃષ્ટિ ત્રિકાળી તરફ ઝૂકેલી નથી ને પર્યાય તરફ ઝૂકેલી છે, પણ જ્યાં દૃષ્ટિ અંતર્મુખ વળે છે ત્યાં દ્રવ્યની શ્રદ્ધા આવી. જોકે શ્રદ્ધાને ખબર નથી કે 'આ દ્રવ્ય છે' પરંતુ શ્રદ્ધાની સાથે જે અનુભૂતિ છે—જ્ઞાન છે તેમાં ખ્યાલ આવે છે કે 'આ દ્રવ્ય છે.' ૩૮૦.

## ❀ હે જીવ! તું તારા આત્માનું ચિંતવન કર ❀

ભગવાન! એક ક્ષણ પણ તને તારો વિચાર નથી! તું એક ક્ષણમાત્ર પણ તારું સ્મરણ કરતો નથી ને ધંધાદિમાં કાળ ગુમાવી રહ્યો છે. મહા દુર્લભ એવો આ માનવભવ મળ્યો છે છતાં જો અત્યારે આર્ત્ત ને રૌદ્રધ્યાનમાં લીન રહ્યો થકો તારા આત્માની દરકાર કરતો નથી તો કયા ભવે તારા આત્માને સંસારસમુદ્રમાંથી ઉગારીશ? અનંત ભવ ટાળવા માટેનો આ ભવ છે, ભવના અભાવ માટેનો આ ભવ છે—એમ જાણીને હે જીવ! તું તારા આત્માનું ચિંતવન કર.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 244662

Copies : 5100